# અકસ્માતમાં ઈજાગ્રસ્તને ૪૮ કલાક ફ્રી સારવાર

**ગુજરાત સરકારનો મહત્વપૂર્ણ પ્રજાલક્ષી નિર્ણય : ગુજરાતમાં થયેલા અકસ્માત સમયે રાજ્યના, રાજ્ય બહારના કે અન્ય રાષ્ટ્રના નાગરિકને હોસ્પિટલમાં ફ્રી સારવાર : દર્દીને ૫૦ હજાર સુધીની ફ્રી સારવાર**

અમદાવાદ,તા.૯

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિન પટેલે આજે જણાવ્યું હતુ કે, રાજ્યમાં વધતી જતી વાહનોની સંખ્યાને પરિણામે અકસ્માતોની સંખ્યા વધી રહી છે. ગુજરાતમાં અંદાજે સરેરાસ દર વર્ષે ૨૯,૩૦૯ રોડ અકસ્માત થાય છે. જેમાં દર વર્ષે સરેરાશ ૬૪૮૩ લોકો મૃત્યુ પામે છે. આવા અકસ્માતોમાં ઈજા પામનાર કે કાયમી અપંગ થયેલ વ્યક્તિ અને તેમના પરિવારજનોને ઘણી મોટી તકલીફ અને દુઃખ સહન કરવુ પડતું હોય છે. અનુભવે જણાવ્યું છે કે, માર્ગ અકસ્માતમાં ઈજા પામેલ વ્યક્તિઓને જો તાત્કાલિક, સમયસર, યોગ્ય સારવાર પ્રાપ્ત થાય તો તેવા વ્યક્તિઓના જીવન બચાવી શકાય છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે નિર્ણય કર્યો છે કે, ગુજરાતની હદમાં થયેલ અકસ્માત પછીના ૪૮ કલાક દરમ્યાન દર્દીઓને ૫૦,૦૦૦ સુધીની તાત્કાલિક સારવાર વિનામુલ્યે અપાશે. જેમાં ગુજરાત, ગુજરાત બહારના કે અન્ય રાષ્ટ્રના કોઈપણ નાગરિક હોય, પરંતુ અકસ્માત ગુજરાતના કોઈપણ છેડે થયો હોય તો પણ નજીકના સ્થળે દર્દીને રાજ્યની તમામ સરકારી કે ખાનગી હોસ્પિટલોમાં નિઃશુલ્ક સારવાર પુરી પાડશે. તેમણે ઉમેર્યું કે, અકસ્માતના પ્રથમ કલાકમાં ઈજાગ્રસ્તોને ઈમરજન્સી મેડીકલ સારવાર તાત્કાલિક મળી રહે તો ૫૦ ટકા દર્દીઓનું અમૂલ્ય જીવન બચાવી શકાય છે. અકસ્માત દરમ્યાન કોઈપણ વ્યક્તિ વહેલામાં વહેલી તકે યોગ્ય

● અનુસંધાન પાન-૭ પર

## રાજકીય બયાનબાજી... કોઈનેય શોભતી નથી

**દેશની મૂળ સમસ્યાઓ પર ધ્યાન આપવાના બદલે ઉચ્ચ સ્થાને બેઠેલા રાજકીય આગેવાનો એકબીજા પર ગંદા આક્ષેપો કરવામાં જ વ્યસ્ત રહે છે : રાજનીતિનુ સ્તર સાવ તળીયે બેઠુ**

ગાંધીનગર, તા. ૯

નેતાઓમાં જાણે આક્ષેપબાજી કરવાની, ખુલ્લા મંચ પરથી ગાળાગાળી કરવાની મોસમ ખીલી છે. નિવેદનો અને તેના પ્રતિ નિવેદનો કરી નેતાઓ મીડિયામાં ભલે થોડોક સમય ચમકી જાય પરંતુ તેઓ રાજકારણ અને રાજકારણીઓનું સ્તર દિવસે દિવસે નીચે લાવી રહ્યા છે. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ હોવાના આપણા ગૌરવને આ નેતાઓ ચકનાચૂર કરી રહ્યા છે.

**સમયસર**

ખેલદીલી જેવી ભાવના અને એકબીજાને સન્માન આપવાની ભાવના રાજકારણમાંથી સાવ ગાયબ થઈ ગઈ હોય તેવુ લાગી રહ્યુ છે. વિરોધપક્ષ અને તેના નેતાઓ-આગેવાનોને ભાંડવાન સીલસીલો બંધ જ નથી થતો. આજકાલ અખબારોમાં કે ટીવીમાં જ્યાં જુઓ ત્યાં કોઈને કોઈ પક્ષનના નેતાઓ વિરોધપક્ષને ભાંડતા હોય તેવુ જ જોવા મળે છે. મીડિયાનો વ્યાપ જેટલો વધ્યો છે તેની સાથે જ રાજકીય આગેવાનો લાઈમ લાઈટમાં રહેવા બેહૂદા નિવેદનો કરે રાખે છે. ક્યારેક તો આવા નિવેદનો એટલા ચીપ હોય છે કે તેને ગાળની સમકક્ષ મુકી શકાય. વળી આવા નિવેદનો જાહેર મંચ પરથી અપાતા હોઈ નીતિમત્તાનુ ધોરણ સાવ તળીયે જઈને બેઠુ છે. કોઈના પર મનફાવે તેવો આક્ષેપ કરવો, કોઈના ચારિત્ર્ય વિશે ગમે તેમ બોલવુ અને આવુ એકવાર નહી પરંતુ વારંવાર કરવુ હવે રાજકારણીઓને કોઠે પડી ગયુ છે. સમગ્ર સમાજ પર તેની કેવી નકારાત્મક અસર પડશે તે જોવાતુ નથી.

આપણે જેને ઉચ્ચ સ્થાને બેસાડ્યા છે તે રાજકીય આગેવાનોમાં જ કોઈ સમજણ ન હોય, સહનશક્તિ ન હોય ગમે તે ભોગે સત્તા ટકાવી રાખવા કે સત્તા મેળવવા માટે આક્ષેપબાજી કરવામાં આવે તો સામાન્ય જનતા કે સમાજ પાસે સમજણશક્તિ, સહનશક્તિ કે નીતિમત્તાની અપેક્ષા ક્યાંથી રાખી શકાય..!

હાલમાં કર્ણાટકની ચૂંટણી માથે હોઈ રાજકીય વાતાવરણ ગરમાયેલુ છે. છેક ઉચ્ચ સ્થાને બેઠેલા આગેવાનોથી માંડીને સ્થાનિક સ્તરના આગેવાનો અવારનવાર વિવાદાસ્પદ નિવેદનો કરી સમગ્ર સામાજિક વાતાવરણને ડહોળી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય મીડિયામાં પણ આ વાત પ્રસરે છે. જેનાથી આપણા સમાજની, આપણા દેશની નકારાત્મક છબી સમગ્ર વિશ્વ પર પડે છે. રાજકીય નિવેદનો કરી શકાય પરંતુ તે વાતમાં વજુદ હોવુ જોઈએ. માત્ર સામેવાળાને નીચે દેખાડવા માટે ગમે તેવા આક્ષેપો કરવા એ ઉચ્ચ રાજકારણની નિશાની નથી. રાજકીય લાભ ખાટવા માટે આવા નેતાઓ સમગ્ર સમાજનું નુકશાન કરી રહ્યા છે. જેની અસરો લાંબે ગાળે દેખાય છે. રાજકીય આગેવાનો જ્યારે પોતાના લાભને બદલે સમગ્ર સમાજનુ, સમગ્ર દેશનુ ભલુ ઈચ્છશે ત્યારે જ બેફામ વાણી વિલાસમાંથી બહાર આવી શકશે. આપણે ઈચ્છીએ કે એ દિવસ જલ્દી આવે.

## નગરના મુખ્યમાર્ગોના સેન્ટ્રલ વર્જમાં રંગબેરંગી ફુલો નિખરશે

**મુખ્યમાર્ગો આસપાસ સેન્ટ્રલ વર્જની જગ્યામાં પણ સફાઇ કરી પ્લાન્ટેશન કરાશે : વૃક્ષોની એકરૂપતા જળવાય તે માટે પણ આયોજન**

ગાંધીનગર તા ૯

શહેરના મુખ્ય માર્ગો પર વૃક્ષોની એકરૂપતા જળવાય તે માટે વનતંત્ર દ્વારા આયોજન કરવામા આવી રહયુ છે. મુખ્ય માર્ગો પર વનઆરક્ષિત જગ્યામાં સફાઈ કરી નવી ફેન્સીંગ કરવામાં આવશે. આ ઉપરાંત આ ઠેકાણે પ્લાન્ટેશન કરી પીળા તેમજ કેસરી રંગના ફુલો ખીલે તેવુ પણ આયોજન કરવામાં આવશે. જયારે સેન્ટ્રલ વર્જમાં પણ ફુલો નિખારી આકર્ષક લુક અપાશે વૃક્ષોને પણ ઘેરુ રંગનો કલર કરાશે.

શહેરના મુખ્ય માર્ગો પર વનતંત્ર દ્વારા નવી ફેન્સીંગ કરી વન આરક્ષિત જગ્યામાં નવા રોપાઓની વાવણી કરવામાં આવશે. જયારે નવા ફેન્સીંગની સાથે વૃક્ષોની આસપાસની જગ્યાએ સફાઈ કરી માર્ગોના કલરકોડ મુજબ રંગબેરંગી ફુલો પણ નિખરે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે મુખ્યમાર્ગો પર વૃક્ષોની એકરૂપતા જળવાય તે મુજબ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત માર્ગોની વચાળે સ્થિત સેન્ટ્લ વર્જને પણ આકર્ષક બનાવવા માટે નવા રોપાઓની વાવણી કરી ફુલો નિખરે તે મુજબ પ્લાન્ટેશન કરવામાં આવશે. નગરના મુખ્ય બે માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં હાલ

● અનુસંધાન પાન-૭ પર



અકસ્માત - માર્ગ અકસ્માતોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે... એમાય બેફામ જ્યારે બેદરકારીથી વાહન હંકારવાથી થતા અકસ્માતની સંખ્યામાં પણ નોંધપાત્ર છે... બુધવારે ગાંધીનગર - અમદાવાદને જોડતા રીંગરોડ પર થયેલ અકસ્માતમાં માર્ગ પર ઈલેક્ટ્રીકના પોલ રીપેરીંગ કરી રહેલા જેસીબી સાથે પાછળથી આવતી ઈનોવા કાર ધડાકાભેર અથડાઈ હતી... આને કાર ચાલકની ગંભીર ભૂલ ગણવી કે બેદરકારી....

## આરોગ્ય વિભાગ જુલાઈ માસમાં મિઝલ્સ-રૂબેલાનું રસીકરણ અભિયાન આરંભશે

**જિલ્લાના ૩.૧૫ લાખ બાળકોને આવરી લેવામાં આવશે : કલેક્ટર, ડીડીઓએ આયોજન અંગે સંબંધિત વિભાગો સાથે સંકલનમાં રહી આયોજન કરવા જણાવ્યુ**

ગાંધીનગર, તા. ૯

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા જુલાઈ માસમાં યોજાનાર મહાત્વાકાંક્ષી મિઝલ્સ-રૂબેલા રસીકરણ અભિયાનમાં નવ માસથી ૧૫ વર્ષની વય ધરાવતા જિલ્લાના ૩ લાખ ૧૫ હજાર બાળકોને આવરી લેવામાં આવશે.

ગઈકાલે આ અભિયાનના આયોજન અંગે સંબંધિત વિભાગો સાથે જિલ્લા કલેક્ટર લાંગાના અધ્યક્ષપદે ટાસ્કફોર્સની બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં બે કલાક સુધી આગોતરા આયોજનમાં ધ્યાને રાખવા જેવા મુદ્દા તેમજ આ અભિયાનમાં સંકળાયેલા વિભાગો સાથે સુયોગ્ય સંકલન રહે તેનો કલેક્ટરે વિશેષ આગ્રહ રાખ્યો હતો.

આજે ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડિટોરિયમ ઉપર આવેલ કોન્ફરન્સ હોલમાં આ સંદર્ભે એક વિશેષ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી વિશેષ ઉપસ્થિત રહેનાર છે. સવારે સાડા નવ વાગે આ વર્કશોપ આરંભાશે.

● અનુસંધાન પાન-૭ પર

## નવા સરકારી આવાસો બાંધવાની યોજના ૬ મહીનાથી સ્થળ પસંદગીમાં અટવાઈ

ગાંધીનગર તા ૯

શહેરમાં સરકારી આવાસોને એકબાજુ તોડવાનુ કામ ચાલી રહયુ છે. જયારે જુના આવાસો તોડી નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહયુ છે. શહેરમાં સે-૨૯ અને સે-૭ માં નવા આવાસોમાં કર્મચારીઓનો વસવાટ શરૂ થઈ ગયો છે. જયારે હજુ પણ સેકટરોમાં નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. શહેરમાં બી અને સી કક્ષાના નવા ૧૦ ટાવરો બાંધવામાં આવશે.જેની પાછળ રૂ ૧૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જો કે છેલ્લા ૬ મહીનાના અંતે પણ નવા આવાસો બાંધવા માટે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી સ્થળ પસંદગી કરવામાં આવી નથી. જેના લીધે સરકારી આવાસો બાંધવાનુ કામ અટવાયુ છે.

**જુના આવાસો રહેણાંકને લાયક નથી જયારે નવા ૧૦ ટાવરો બાંધવા માટે સ્થળ નક્કી થતુ નથી**

બીજીતરફ આવાસ સંબંધિત અરજદારોની પ્રતિક્ષા યાદી પણ તંત્રના ચોપડે મોટી થતી જાય છે. ત્યારે નવા આવાસોનુ કામ ત્વરિત હાથ ધરાય તેવી માંગ પણ પ્રબળ બની છે. શહેરમાં સરકારી આવાસો બાંધવા માટે સરકાર દ્વારા નવી ટાવર કોલોની

● અનુસંધાન પાન-૭ પર

**કે એ પુંજ તપાસ પંચમાં કાયદાકીય બાબતો સંદર્ભે**

## મુખ્ય સરકારી વકીલ હીતેશ રાવલની નિમણુંક

ગાંધીનગર તા ૯

કે એ પુંજ તપાસ પંચ દ્વારા પાટીદારો પર પોલીસ દમનના કેસોની તપાસ કરવામાં આવી રહી છે.નિવૃત ન્યાયાધીશ કે એ પુંજ તપાસ પંચમાં કાયદાકીય બાબતો સંદર્ભે ગાંધીનગર જિલ્લાના મુખ્ય સરકારી વકીલ હીતેશ રાવલની નિમણુક કરવામાં આવી છે.સમગ્ર રાજયમાં પાટીદાર આંદોલન વેળાએ વાતાવરણ ઉગ્ર બન્યુ હતુ.હિંસક બનાવો પણ બન્યા હતા.જયારે આ મામલે પોલીસના પાટીદાર દમનના બનાવ સંદર્ભે પાટીદારોની માંગણી સંદર્ભે પુંજ કમિશનની નિમણુંક કરવામાં આવી હતી. જયારે આ પુંજ કમિશનમાં સરકાર વતી ગાંધીનગર જિલ્લાના મુખ્ય સરકારી વકીલ હીતેશ રાવલની નિમણુંક કરવામાં આવી છે.



મનપાના સફાઈ અને સ્વચ્છતા અભિયાનની ઐસીતૈસી

## પીરોજપુર-પ્રભુપુરાને જોડતા માર્ગની તાત્કાલિક વ્યવસ્થા આપો

**જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર અપાયુ : નેશનલ હાઈવે નં. ૮ના વિસ્તૃતીકરણ અને મજબુતીકરણથી આ બે ગામોને જોડતી માર્ગ વ્યવસ્થા છીનવાઈ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકામાંથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૮ના વિસ્તૃતીકરણની ચાલી રહેલી કામગીરીમાં પીરોજપુર અને પ્રભુપુરા ગામને જોડતી વ્યવસ્થા છીનવાતા આ ગ્રામજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે અને જો ઉકેલ નહિ આવે તો આંદોલન ગાંધી ચિંધ્યા માર્ગે કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ આપી છે.

આજે પીરોજપુરના સરપંચ રાવજીજી જાદવ અને જિલ્લા પંચાયતના સદસ્ય દિનેશજી ઠાકોરે આ મુદ્દે જિલ્લા કલેક્ટર લાંગાને મળી ઉગ્ર રજુઆત કરી હતી અને ગ્રામસભાએ કરેલા ઠરાવની જાણકારી પણ આપી હતી.

પિરોજપુરની જમીનો એ પ્રભુપુરામાં આવેલ છે અને નેશનલ

● અનુસંધાન પાન-૭ પર


ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector - 11, Gandhinagar - 382 010 Tel: +91-79-66701001
Fax: +91-79-23236477 Website: www.gspcgroup.com Email: investors.gspl@gspc.in
NOTICE
Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Monday, the 21st May, 2018, inter-alia, to consider and take on record the Audited Financial Results of the Company for the quarter & year ended on 31st March, 2018 and to recommend dividend, if any, for the financial year 2017 - 18.
The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.
For Gujarat State Petronet Limited
sd/-
Reena Desai
Company Secretary
Place : Gandhinagar
Date : 9th May, 2018

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


ગુજરાતમાં તબીબી શિક્ષણ સુવિધામાં વધારો
મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ
ગુજરાતમાં એમ.બી.બી.એસ.ની નવી ૩૭૦ બેઠકોને આપી મંજૂરી
વડોદરા, સુરત અને જામનગર સરકારી મેડિકલ કોલેજ અને પાલનપુરની સ્વનિર્ભર મેડિકલ કોલેજને નવી બેઠકોનો મળશે લાભ
ગુજરાતમાં અત્યાર સુધી એમ.બી.બી.એસ.ની ૩,૮૩૦ બેઠકો હતી, જે વધીને હવે ૪,૨૦૦ બેઠકો થયેલ છે
ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓનું ગુજરાતમાં જ મેડિકલ શિક્ષણનું સ્વપ્ન સાકાર કરવા બદલ
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો ખૂબ ખૂબ આભાર
શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

સત્યમેવ જયતે ગુજરાત સરકાર
શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com